અંક: ૨

# આચમન

*શિક્ષણ એજ ધ્યેય...*

નવેમ્બર - ૨૦૧૩

## શ્રી કોટડા (ચકાર) સી.આર.સી.

કોટડા, તા: ભુજ, જિલ્લો-કચ્છ [ગુજરાત]
પિન: ૩૭૦૧૦૫.



તંત્રી શ્રી: **મયુરભાઇ જી. ભાનુશાલી**
સી.આર.સી. કો-ઓર્ડીનેટર,
કોટડા (ચકાર).



### સંપાદક મંડળ

- ચિરાગ પટેલ, કોટડા આ. પ્રા. શાળા.
- નિતિન પટેલ, જાંબુડી પ્રા. શાળા.
- હરેશ લિંબાણી, કોટડા ઉ. પ્રા. શાળા.
- વિજય પટેલ, સણોસરા પ્રા. શાળા
- હરીલાલ ભાનુશાલી, કૈલાશનગર પ્રા.શાળા
- હાર્દિક રાવલ, ચકાર પ્રા .શાળા

**Our Web Contacts**

Web site :- crckotda.weebly.com
Mail Add :- crckotda2013@gmail.com
Facebook :-facebook.com\Crc kotda chakar

## તંત્રી ની કલમે....



નમસ્કાર ....કર્મ અને ઉજવણી ના ઉત્સવ રૂપ ઓક્ટોબર માસ કાર્ય કરતા કેમ વ્યતીત થઇ ગયો !!!એની ખબર જ ના પડી .મહાત્મા ના બર્થ -ડે ની ઉજવણી થી શરૂઆત કરી, માં આદ્યશક્તિ ની ઉપાસના, વિજયાદશમી જેવા પર્વો ને ઉમંગ થી મનાવ્યા, ને "ડાયસ "ના જન્મદિવસની કેક કાપી શૈક્ષણિક જગત માં નવીન આયામો ઉમેર્યા. વાલીસમેલન એસ.એમ.સી. તાલીમ આંતરરાષ્ટ્રીય બાલીકાદિન ની ઉજવણી માં વ્યસ્ત રહ્યા. સત્રાંત પરિક્ષા અને બ્લોક કક્ષાની તાલીમે વ્યવસાયિક સજ્જતાને એરણે ચડાવી. આ ભગીરથ કાર્યો વચ્ચે " આચમન " ને આપની હથેળી માં મુકતા રોમાંચની અનુભૂતિ થાય તે સ્વાભાવિક છે. સર્વે સારસ્વત મિત્રો ને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન .............



*"આચમન ના પ્રથમ અંક નું વિમોચન ગાંધી જયંતિ ના દિને કરવામાં આવ્યું.*



# શ્રધ્ધાંજલી

સ્વ. શ્રી ખોડીદાસ શંકરદાસ પટેલ

શ્રી કોટડા ઉગમણા ગ્રુપ શાળા.

સ્નેહના સાગરસમા, હર કોઈને પોતાના ગણી પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મિત, અંતરમાં ઉર્મિ, હદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા આપનું સાદગીભર્યું જીવન, સત્ય, પ્રામાણિકતા, પરોપકારવૃત્તિ, ધાર્મિક અને કૌટુંબિક ભાવના,માનવતાના સાગર અમારું પીઠબળ, માર્ગદર્શક, આપે અમને ચિંધેલ સચ્ચાઈનો રાહ તેમજ તમોએ કરેલ સમાજસેવા અને ઉમદા ઇન્સાનિયતના કાર્યો હરહમેંશ અમારી સ્મૃતિમાં તરોતાજા રહેશે. આજીવન શિક્ષણ અને અમારા વડીલ એવા તમે ઈશ્વર તમારા અધૂરા રહેલા સ્વપ્ન અને કાર્યો પૂર્ણ કરવાની અમને શક્તિ આપે તેમજ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

---સહ્શ્રધ્ધાસુમન,

- લી. આપને હરપળ યાદ કરનાર,
  - શ્રી ભગવાનભાઈ એસ. પટેલ (આચાર્ય શ્રી કોટડા ઉ. ગ્રુપ શાળા.)
  - શ્રી મયુરભાઈ જી. ભાનુશાલી (સી.આર.સી. કોર્ડીનેટર, કોટડા)
  - તથા શ્રી કોટડા ઉ. ગ્રુપ શાળા તેમજ તમામ પેટાશાળાના આચાર્યશ્રી અને સમગ્ર સ્ટાફ.

## " ગઝલ "

- લાંબી આ સફરમાં,
  જિંદગીના ઘણા રૂપ જોયા છે,
- તમે એકલા શાને રડો છો ?
  સાથી તો અમે ખોયા છે.
- આપ કહો છો આમને શું દુઃખ છે ?
  આતો સદા હસે છે.
- અરે, આપ શું જાણો આ સ્મિતમાં,
  કેટલા દુઃખ વસે છે.
- મંજીલ સુધીના પહોંચ્યા તમે એ,
  વાતથી દુઃખી છો ?
- અરે, ચાલવા મળ્યો રસ્તો તમે,
  એટલા તો સુખી છો ?
- તમને છે ફરિયાદ કે કોઈને તમારા,
  વિશે સુઝ્યું નથી.
- અરે, અમને તો "કેમ છો?" એટલું,
  કોઈએ પૂછયું નથી.
- જે થયું નથી એનો અફસોસ,
  શાને કરો છો ?
- આ જિંદગી જીવવા માટે છે.
  આમ રોજ રોજ શાને મરો છો ?
- આ દુનિયામાં સંપૂર્ણ સુખી તો,
  કોઈ પણ નથી.
- એક આંખતો બતાવો મને,
  જે ક્યારે રોઈ નથી.

- હરીલાલ વી. ભાનુશાલી
  કૈલાશનગર પ્રા. શાળા.

જ્ઞાની માણસોનું કામ દોષો શોધી કાઢવાનું છે.



## ગણતંત્ર દિન

પ્રજાસતાક દિન શા માટે ૨૬મી જાન્યુઆરી જ મનાવવામાં આવે છે?

પ્રજાસતાક દિન એટલે ગણતંત્ર દિન.  જે આપના દેશમાં પ્રતિવર્ષ જાન્યુઆરી માસની છવ્વીસમી તારીખે ઉજવવામાં આવે છે

આપણો દેશ તા.૧૫/૦૮/૧૯૪૭ના અંગ્રેજોની શાસન વ્યવસ્થામાંથી મુક્ત થયો. તેથી આપણે દરવર્ષે ૧૫મી ઓગસ્ટે આઝાદીદિન કે સ્વાતંત્ર્યદિનની  ઉમંગભેર ઉજવણી કરીએ છીએ.પણ ૨૬મી જાન્યુઆરી જ પ્રજાસતાકિદન શા માટે મનાવવામાં આવે છે?તો આવો આ પ્રશ્ન નો જવાબ મેળવવા માટે ઇતિહાસમાં “ડોકિયું “કરવું પડશે!!!!

આઝાદી મળી ત્યારે આપણી પાસે પોતાનું કાયમી બંધારણ ન હતું. એના બદલે સુધારેલા વસાહતી કાયદા, ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૫ નો અમલ થતો. તા.૨૯/૦૮/૧૯૪૭ના દિવસે ભારતના કાયમી બંધારણની રચના માટે ડો.બાબાસાહેબ આંબેડકરની આગેવાની હેઠળ એક સમિતિ રચાઈ. આ સમિતિ એ બંધારણનું માળખું તૈયાર કર્યું. ખૂબ જહેમત ને અંતે તા.૦૪/૧૧/૧૯૪૭ ના રોજ બંધારણ સભા સમક્ષ રજુ કરવામાં આવ્યું. બંધારણનો સ્વીકાર કરતા પહેલા બંધારણ સભાનું ૧૬૬ દિવસનું જાહેર સત્ર મળ્યું. આ સત્ર બે વર્ષ અગિયાર માસ અને સત્તર દિવસ ચાલ્યું. કેટલાય સુધારા અને ચર્ચા-વિચારણા ના અંતે ત્રણસો નેવ્યાસી સભ્યોની બનેલી આ બંધારણ સભાએ ચોવીસમી જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ આ દસ્તાવેજોની હિન્દી અને અંગ્રેજી માં હસ્તલિખિત બે નકલો પર હસ્તાક્ષર કર્યા. બે દિવસ પછી ભારતનું બંધારણ રાષ્ટ્ર માટે કાયદા નું સ્વરૂપ પામ્યું. આમ ,૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ થી બંધારણ અમલમાં આવવાથી પ્રતિવર્ષ આપણે આ દિવસે ગણતંત્ર દિન ની ઉજવણી કરીએ છીએ .

➢ મદનકુમાર બી.ઠક્કર, મુ.શિ. ,વડવારા પ્રા.શાળા

**હર એક પથ્થરકી તકદીર બદલ સકતી હૈ…….**

**પર**

**શર્ત યહ હૈ કી**

**ઉસે દિલ સે તરાસના ચાહીયે????**



**દરેક વાતે ચૂપ રહેનારથી ચાલાક માણસોએ ચેતતા રહેવું.– ઈબ્ને નુર**

# માઉન્ટ એવરેસ્ટથી ઉંચુ મનોબળ

વ્હાલા મિત્રો,

તમે અવકાશ વિજ્ઞાની સ્ટીફન હોકિન્સ વિષે જાણતા હશો. તેઓ અવકાશ વિજ્ઞાનના ધુરંધર, મહાન, શ્રેષ્ઠ વૈજ્ઞાનિક છે. તારાઓ અને તેની ઉત્પત્તિ તથા વિલય બાબતે તેમનું અમૂલ્ય પ્રદાન છે. તેમને સાંભળવા દુનિયાના મહાપુરુષો, નેતાઓ અને વૈજ્ઞાનિકો આતુર હોય છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે આ મહામાનવ શારીરિક રીતે સર્વાંગ અપંગ છે તેમ કહીએ તો ચાલે. ગળાથી નીચેના તમામ અવયવો લકવાગ્રસ્ત છે,સ્વરપેટી કાઢી નાખવી પડી છે. સતત વ્હીલચેરમાં જ રહેવું પડે છે. અન્યના સહારા વગર એક પણ કામ જાતે કરી શકતા નથી, છતાં પોતાના દ્રઢ મનોબળ વડે તેઓ અવકાશ વિજ્ઞાનને લગતી નવી નવી શોધો કર્યા કરે છે. તેમનાં પ્રથમ પત્ની તેમને છોડીને ચાલ્યા ગયા છે. દરરોજ એક વાટકી ભરાય તેટલી દવાઓ તેમને લેવી પડે છે. છતાં આ માનવ સતત માનસિક શ્રમ કરે છે અને જગતને અવકાશનાં નવા નવા રહસ્યોથી અવગત કરે છે.

શું અગત્યનું ? શરીરબળ કે મનોબળ ? શરીરબળ સાથે સાથે મનોબળ મજબૂત હોય તો સોનામાં સુંગધ ભળ્યા જેવું ગણાય, પરંતુ જો તન નબળું હોય પણ મન સબળ હોય તો માણસ મન પાસેથી અને મન દ્વારા શરીર પાસેથી ધાર્યું કામ કરાવી શકે છે. શરીર ગમે તેટલું સશક્ત હોય પરંતુ જો મનોબળ સારું ન હોય તો સાધન (વ્હિકલ)હોય પરંતુ અંદર પેટ્રોલ ન હોય તેના જેવી સ્થિતિ થાય છે.

આપ સૌ દ્રઢ મનોબળ કેળવવા અને જીવનમાં ખુબજ પ્રગતિ કરો તેવી સભ્યર્થના સાથે સરદાર વલ્લભભાઈ પટેલનું એક ખુબજ પ્રેરક વાક્ય ....

**“ હું ગુજરાતીઓને કહું છું તમે શરીરે ભલે દુબળા-પાતળા હોય,**
**પરંતું કાળજું સિંહ-વાઘનું રાખજો.”**

- **ભરતભાઈ એમ. પરમાર, જાંબુડી પ્રા. શાળા.**

**રૂપાળી ચામડી કરતાં સ્વચ્છ મન અનેકગણું તેજસ્વી છે.–એલન હન્ટ**

# પ્રવૃત્તિ કોર્નર



કોટડા ઉગમણા પ્રા. શાળા
નવરાત્રી મહોત્સવ ઉજવણી



રીમીડીઅલ તપાસણી માં
ધાણેટી કન્યા શાળા માં
ધો.૭ ની છાત્ર ને
વાચનકાર્ય કરવતા કોટડા
ના સી.આર.સી કો.ઓ.
મયુર ભાનુશાલી



**ઉર્જા સંરક્ષણ
દિન નિબંધ
સ્પર્ધા શ્રી કોટડા આ
થમણા પ્રા. શાળા**

**મોટા માણસના અભિમાન કરતાં નાના માણસની શ્રધ્ધા ધાર્યું કામ કરી જાય છે.**–**દયાનંદ સરસ્વતી**

# કોમ્યુનીટી મોબીલાઈઝેશન



ડાયસ વાંચન શ્રી સરસ્વતી
વિદ્યામંદિર કોટડા



શ્રી કોટડા ઉગમણા પ્રા. શાળા
વાલી સંમેલન અને શાળા સ્થાપનાદિન
ઉજવણીમાં ઉપસ્થિત ગ્રામ જનો



વાલી સંમેલન માં બહોળી સંખ્યામાં
ઉપસ્થિત માતાઓ……

શ્રી સણોસરા પ્રા. શાળા

**મન ના હાથીને વિવેકના અંકુશ વડે વશમાં રાખવો જોઈએ.**–**રામકૃષ્ણ પરમહંસ**



# ભારતમાં વાવાઝોડાનો ઇતિહાસ

થોડા સમય પહેલા વાતાવરણમાં આવેલા ભારે ફેરફારોને કારણે દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં ફૈલિન નામનું વાવઝાડુ ત્રાટક્યું , સદ્દ નસીબે ખાસ કોઈ જાનહાનિકે નુકસાનના થયું . ભારતમાં આ પહેલાં પણ અનેક વિનાશક વાવાઝોડાઓ ત્રાટકી ચુક્યા છે. મજાની વાત તો એ છે ભારતના વિનાશક વાવાઝોડાના ઇતિહાસ પર નજર ફેરવીએ તો ખ્યાલ આવે છે કે ત્રણેય તરફ દરિયાથી ઘેરાયેલું દક્ષિણ ભારત આવા વાવાઝોડા માટે ફેવરિટ છે. આજ સુધી ભારતમાં ત્રાટકેલા પાંચ વિનાશક વાવાઝોડામાંથી ચારનો ટાર્ગેટ તો દક્ષિણ ભારત જ હતું.

(1) 1968 માં પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ ખાતે 'પેડોંગ' શહેરમાં આવેલું વાવાઝોડું આજ દિવસ સુધીનું સૌથી ખતરનાક વાવાઝોડું ગણાય છે જેમાં 90 ઈંચ એટલે કે 2300 m m જેટલો વરસાદ પડયો હતો.

- (2) 2004 માં લક્ષદ્વીપના 'અમિનિદિવી' ખાતે આવેલું વાવાઝોડું કે જેમાં 73 ઈંચ એટલે કે 1840 m m જેટલો વરસાદ પડયો હતો.
- (3) 1961 માં મેઘાલયના 'ચેરાપુંજી' ખાતે આવેલું વાવાઝોડું કે જેમાં 53 ઈંચ એટલે કે 1340 m m જેટલો વરસાદ પડયો હતો.
- (4) 2008 માં 'નિશા' નામનું વાવાઝોડું તમિલનાડુના 'ઓરાથાનાડુ' ખાતે આવેલું કે જેમાં 51 ઈંચ એટલે કે 1280 m m જેટલો વરસાદ પડયો હતો.
- (5) 2009 માં 'ફ્યાન' નામનું વાવાઝોડું તમિલનાડુના 'કેથી' ખાતે આવેલું કે જેમાં 46 ઈંચ એટલે કે 1171 m m જેટલો વરસાદ પડયો હતો.
- (6) 2006 માં 'ઓગ્ની' નામનું વાવાઝોડું આંધ્રપ્રદેશના 'અવનિગડડા' ખાતે આવેલું કે જેમાં ૪૧ ઈંચ એટલે કે 1030 m m જેટલો વરસાદ પડયો હતો.

મોટા માણસના અભિમાન કરતાં નાના માણસની શ્રધ્ધા ધાર્યું કામ કરી જાય છે.–દયાનંદ સરસ્વતી

# Science Zone

## દુનિયાના સૌથી ઝડપી પ્રાણીઓ.



ચિત્તો
૧૨૦ કિ.મી./કલાક



પ્રોન્ગ્રોન એન્ટેલોપ
૯૮ કિ.મી./કલાક



થોમ્સન ગેઝેલી
૮૧ કિ.મી./કલાક



સિંહ
૮૧ કિ.મી./કલાક



વાઇલ્ડ બિસ્ટ
૮૧ કિ.મી./કલાક



ક્વાર્ટર હોર્સ
૭૭ કિ.મી./કલાક



એલ્ક
૭૨ કિ.મી./કલાક



કાયોટી (અમેરિકાનો વરૂ)
૬૯ કિ.મી./કલાક



ગ્રે ફોક્સ (શિયાળ)
૬૮ કિ.મી./કલાક

**ચિરાગ પટેલ,કોટડા આથમણા પ્રા.શાળા**

મધુર પુષ્પ ધીમેધીમે ખીલે છે, જ્યારે ઘાસ ઝડપથી ઊગે છે. – શેક્સપિયર

# શુભેચ્છા પત્ર

ડૉ. દક્ષાબેન જી. મહેતા,
સિ. લે. IFIC શાખા,
લાયઝન ઓફિસર, ભુજ બ્લોક,
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ભુજ(કચ્છ).
તા. ૨૪/૧૦/૨૦૧૩

પ્રતિ,
સી.આર.સી. કો.ઓ. શ્રી,
કોટડા (ચ.), તા-ભુજ.

શિક્ષણ, સાહિત્ય અને કલા જીવનને એક અનોખો લય આપે છે. બાળકો અને શિક્ષકોમાં એ તરફની દ્રષ્ટિ અને શક્તિ હોય જ છે. તેને નવી દિશા આપવા માટે સી.આર.સી. કોટડા એ પોતાનું મુખપત્ર શરૂ કર્યું એ પ્રયાસ અભિનંદનીય છે. પોતાના આ પ્રયાસ થકી બાળકો અને શિક્ષકોને ખીલવાની તથા ખુલવાની ભરપૂર તકો આપે એ શુભેચ્છા સહ.......

હૃદય પૂર્વકનાં અભિનંદન....

લિ.

*ડૉ. દક્ષાબેન મહેતા*

---

## વિજ્ઞાન કૌતૂહલ

**'રબર' નામ કેવી રીતે પડ્યું ?**

એક પ્રકારના ઝાડ માંથી રસ નીકળે છે. આ રસનો ઉપયોગ રબર બનાવવામાં થાય છે. અગાઉ તેને રબર નામ આપવામાં આવ્યું ન હતું, પરંતુ ઝાડ માંથી નીકળતા રસ માંથી જે પદાર્થ બનતો તેનો ઉપયોગ પેન્સિલથી કરવામાં આવેલ લખાણ કે નિશાનીઓ ભૂસવા માટે થવા માંડ્યો, તેથી તેનું નામ 'રબર' પડ્યું છે. 'ભૂસવું, છેકવું' માટેનો શબ્દ અંગ્રેજી ભાષા માં Rub છે. તેના પરથી 'ભુસનાર' એટલે Rubber નામ પડ્યું છે. રબર ની શોધ ઇંગ્લેન્ડના વિજ્ઞાની જોસેફ પ્રીસ્ટલીએ ઈ.સ. ૧૭૭૦ માં કરી હતી.

➢ નિતીન પટેલ, જાંબુડી પ્રા. શાળા.

**આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધુ સારૂ....!!!**